મકાન ફાળવણીના નિયમોમાં
સુધારા–વધારા કરવા અંગે.

## જાહેરનામું

આથી સબંધકર્તા સર્વેને જણાવવાનું કે, તારીખ ૨૩.૦૨.૨૦૦૧ ના રોજ જામનગર ખાતે મળેલ **નિયામક મંડળની ૧૪૦મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૧૪૦ : ૧૮ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.**

" આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના તમામ કેન્દ્રો ઉપર વસાહતના મકાનોની ફાળવણી અંગે મકાન ફાળવણીના નિયમો સુધારણાં સમિતિએ કરેલ **એજન્ડા 'પરિશિષ્ટ – અ' મુજબની ભલામણોનો સ્વીકાર કરવો.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, **એજન્ડાના 'પરિશિષ્ટ–અ'માં કોલેજોમાં એસ.આર.સી.ચેરમેન અને જીમખાના ચેરમેનને 'રેન્ટ ફ્રી' મકાન ફાળવવા અંગેનો સમાવેશ કરવો અને આ નિયમોનો અમલ તારીખ ૧.૪.૨૦૦૧ થી કરવો."**

બિડાણ : પરિશિષ્ટ – અ

નિયામક
ખરીદ અને મિલ્કત

જા.નં. ગુકૃયુ/ડીપીપી/ઈ.૨/મ.ફા.સુ–વ./ ૧૧૨૫૮–૯૭/૦૧. ગુજરાત કૃષિ યુનિવર્સિટી,
સરદાર કૃષિનગર.
જી. બનાસકાંઠા.
તા. ૨૩.૦૩.૨૦૦૧.

**નકલ સવિનય રવાના : –**

૧. નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ તરફ...
૨. કેન્દ્ર નિયામકશ્રી, ગુ.કૃ.યુ, જૂનાગઢ/આણંદ/નવસારી/ સરદાર કૃષિનગર તરફ –૧૦ નકલ (યુનિટ–સબ યુનિટ કચેરીઓની જાણ કરવા માટે વધારાની ૭૦ નકલ સહિત.)
૩. યુનિવર્સિટી ના તમામ અધિકારીશ્રીઓ તરફ.. ( ૧૦ નકલમાં)
૪. કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી, ગુ.કૃ.યુ,સરદાર કૃષિનગર તરફ..

**નકલ રવાના :–**

૧. કાર્યપાલક ઈજનેર, ગુ.કૃ.યુ, જૂનાગઢ/આણંદ/નવસારી/ સરદાર કૃષિનગર તરફ –૫ નકલ.
૨. માસ્ટર ફાઈલ.

# ગુજરાત કૃષિ યુનિવર્સિટી

# મકાન ફાળવણીના નિયમો

(સુધારા–વધારા કમિટીનો અહેવાલ)

## વર્ષ : ૨૦૦૦–૨૦૦૧


નિયામકશ્રી ખરીદ અને મિલ્કતની કચેરી

સરદાર કૃષિનગર – ૩૮૫ ૫૦૬

સરદાર કૃષિનગર ખાતે હોમ સાયન્સ કોલેજ ત્યાં પ્રાધ્યાપક/સહ પ્રાધ્યાપક/મદદનીશ પ્રાધ્યાપકની સંખ્યાનો જે તે કેમ્પસ ઉપર કુલ સંખ્યા ધ્યાને રાખીને સરેરાશ નકકી કરીને મકાન ફાળવણીની કામગીરી કેન્દ્ર કક્ષાએ મકાન ફાળવણી સમિતિને સતા આપવામાં આવે છે.કુલ ઉપલબ્ધ કવાર્ટરની સામે પ્રાધ્યાપક/સહ પ્રાધ્યાપક/મદદનીશ પ્રાધ્યાપકની કુલ જગ્યાને ધ્યાને લઈ રેશિયો નકકી કરવાનો રહેશે.

(૧૧) હાલ કવાર્ટર ફાળવણી માટે જે પ્રથા છે તેના બદલે ૫૦% સીનીયોરીટી મુજબ અને ૫૦% અન્ય જોગવાઈઓ મુજબ ફાળવણી કરવાની રહેશે.

(૧૨) પતિ–પત્નિ બંને એકજ મથકે નોકરીમાં હોય અને જેના નામે મકાન હોય તેની બદલી થાયતો તે જ મથકે ચાલુ રહેતા પતિ/પત્નિને તેના પગાર પ્રમાણે મળવા પાત્ર કવાર્ટસ ટોચ અગ્રીમતાના ધોરણે ફાળવવામાં આવે છે. અને ત્યાં સુધી હાલનું મકાન અગાઉના ભાડાના દરે ચાલુ રાખી શકાય,જો મળવા પાત્ર કવાર્ટસ ની કેટેગરી બદલાતીન હોય તો તુર્તજ નામ ફેર કરી આપવામાં આવે.

(૧૩) એકજ પ્રકારના મકાન જે ફળવાયા હોય તેવા કર્મચારીઓ અરસ–પરસ બદલી કરાવેલ મકાનમાં ઓછામાં ઓછા છ મહીના સુધી તેઓ રહેશે તે નોકરી દરમ્યાન એકજ વાર લાભ લઈ શકશે.નિવૃતિના છ માસ પહેલા અરસ–પરસ મકાન બદલી કરાવવાની દરખાસ્ત મંજુર કરવાની રહેશે નહી.

(૧૪) નિયામક મંડળની ૭૫મી બેઠકની કાર્યવાહીના મુદ્દાનં.૭૫:૨૫,તા:૧૮/૮/૮૪થી ઠરાવ કરવામાં આવે છે કે,

"મકાન ફાળવણી અંગે સરકારશ્રીના નિયમો અંગે જે કોઈ સુધારા–વધારા થાય તે યુનિવર્સિટીના કર્મચારીઓના મકાન ફાળવણીના નિયમોમાં પણ આપો આપ લાગુ પાડવા."

ઉપરોકત ઠરાવના અનુસંધાને કમિટિએ લંબાણ પુર્વક ચર્ચા–વિચારણા કરી અને ઠરાવના અનુસંધાને નિર્ણય કર્યોકે,યુનિવર્સિટીમાં હાલ ઉપલબ્ધ મકાનોની સંખ્યા તેના કર્મચારીઓની સંખ્યાના પ્રમાણમાં નથી.આથી ઠરાવનો જો અમલ કરવામાં આવે તો વધારે પડતા કર્મચારીઓને અસંતોષ થવાની શકયતા રહેલી છે.તેથી જયા સુધી કર્મચારીઓની સંખ્યાના પ્રમાણમાં મકાનો ઉપલબ્ધન થાય ત્યાં સુધી યુનિવર્સિટીએ પોતાનાજ નિયમો વાસ્તવિકતાને ધ્યાને લઈ બનાવેલ છે.તેનો અમલ કરવા આ સમિતિએ ભલામણ કરી.

યુનિવર્સિટીના તમામ કેન્દ્રો ઉપરના વસાહતોના મકાન ફાળવણી તેમજ ઘર ભાડાની વસુલાત અંગે અને મકાનની કેટેગરી નકકી કરવા સમિતિએ જે ભલામણો કરેલ છે,તે હાલના મકાન ફાળવણી અને ઘર ભાડાના નિયમોમાં જેતે જગ્યાએ ઉમેરો/સુધારો કરી યુનિવર્સિટીના વસાહતના મકાનોની ફાળવણી અને ઘર ભાડાની વસુલાત અંગે ઘટતી કાર્યવાહી કરવા આ કમિટિએ સર્વાનુમતે ભલામણ કરે છે.

મકાનોની તેના કર્મચારીઓ માટે તીવ્ર જરૂરીયાત છે. જ્યારે અમુક કર્મચારીઓ એક ય બીજા કારણોસર યુનિવર્સિટીના મકાનમાં રહેવા ઈચ્છા ધરાવતા હોતા નથી. આ અંગે લંબાણ પુર્વક ચર્ચા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યુ કે, મુખ્ય કેમ્પસ તથા યુનિવર્સિટીના એવા પેટા કેન્દ્રો જ્યાં મકાનોની અછત વર્તાય છે. ત્યાં યુનિવર્સિટીના રહેણાંકના મકાનો યુનિવર્સિટીને પરત સોંપેતો તેવા કર્મચારીઓ મકાનનો કબજો સોંપેકે ખાલી કર્યા તારીખથી નિયમાનુસાર ઘરભાડા ભથ્થુ ચુકવવું અને ભવિષ્યમાં તેઓએ મકાન મેળવવું હોય તો તેમની મુળ સીનીયોરીટી ચાલુ રાખી અરજી કર્યા તારીખથી મકાન ફાળવવું.

(૩) જે કર્મચારી / અધિકારીને આવશ્યક સેવાના ધોરણે અથવા ભાડા મુક્ત કે રાહત દરથી મકાન મેળવવાને પાત્ર હોય તેવા કર્મચારીને ફરજના મથકે પોતાનું મકાન ધરાવતા હોય તો પણ યુનિવર્સિટીનું મકાન ફાળવવું.

(૪) યુનિવર્સિટીમાં જ્યાં પોસ્ટ એટેચ્ડ ક્વાર્ટર છે ત્યાં જે પોસ્ટ પર નિમણુંક થાય ત્યારે જે તે અધિકારીને ક્વાર્ટર ફાળવવામાં આવે છે. તેજ રીતે પોસ્ટ બદલાય ત્યારે દિન–૩૦ની સમય મર્યાદામાં જે તે પોસ્ટનું ક્વાર્ટર ખાલી કરવાનું રહેશે, જો આમ નિયત સમય મર્યાદામાં મકાન ખાલી કરવામાં ન આવે તો માર્કેટ રેન્ટ મુજબનું ભાડુ વસુલ કરવા અંગેની જવાબદારી જે તે કેન્દ્રનિયામકશ્રી / કાર્યપાલક ઈજનેર / હિસાબી અધિકારીની રહેશે.

(૬) જુદા જુદા કેમ્પસ પર જુદી જુદી એજન્સીઓની ગ્રાન્ટમાંથી રહેણાંકના મકાનો બાંધવામાં આવેલ છે. અને તેની સાથે થયેલ કરાર(મેમોરેન્ડમ ઓફ અન્ડર સ્ટેન્ડીંગ) મુજબ આ મકાન જે તે સ્કીમના કર્મચારીઓના ઉપયોગ માટે લેવાની પ્રથા છે. તે ચાલુ રાખવામાં આવે છે.

(૭) યુનિવર્સિટીમાં કર્મચારીઓના પ્રમાણમાં રહેણાંકની વ્યવસ્થા નથી, છતા ટ્રાયબલ વિસ્તાર માટે સરકારશ્રીના નિયમનો યુનિવર્સિટીમાં ક્વાર્ટર ફાળવણી માટે અમલ કરવો.

(૮) મકાન ફાળવણીના નિયમ–૬(બી)પ્રમાણે કુલપતિશ્રીને ખાસ કીસ્સામાં મકાન ફાળવવાના અધિકારો એનાયત થયેલ છે, આ કલમ હેઠળ ઝોનના કર્મચારીઓને ખાસ કીસ્સા તરીકે મકાન ફાળવવા કેન્દ્રનિયામકશ્રીએ યોગ્ય કારણોસર ભલામણ કરી કુલપતિશ્રીની મંજુરી મેળવવાની રહેશે. જ્યારે કુલપતિશ્રીની કચેરી માટે કુલપતિશ્રી સક્ષમ છે. કુલપતિશ્રીની મંજુરી મેળવી મકાન ફાળવણી સમિતિએ અગ્રતા ક્રમાનુસાર મકાન ફાળવવાનું રહેશે.

(૯) મુખ્ય કેન્દ્ર ઉપર અધિકારી/કર્મચારીના મકાન ભાડા વસુલાત પત્રકો દરેક માહીને વહીવટી–વ–હિસાબી અધિકારીએ કાર્યપાલક ઈજનેરની કચેરીમાં મોકલવાના રહેશે. અને મકાન ભાડા કપાત રજીસ્ટર કાર્યપાલક ઈજનેરની કચેરીએ નિભાવવાના રહેશે.

કેન્દ્ર સાથે સંકળાયેલ ફાર્મ–પેટા કેન્દ્રોના ઈન્ચાર્જ દ્વારા કપાત પત્રકો મુજબ ભાડા રજીસ્ટર તેમના દ્વારા નિભાવવાના રહેશે.

(૧૦) દરેક કેન્દ્રો ખાતે જ્યાં ઓનો કોલેજ છે, જેવીકે જુનાગઢ ખાતે એગ્રી.એન્જી.અને ટેકનોલોજી, આણંદ ખાતે ડેરી સાયન્સ કોલેજ, નવસારી ખાતે બાગાયત મહાવિદ્યાલય અને

(૫) હાલમાં ક્વાર્ટર મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવવા માટે ડીપોઝીટ લેવામાં આવે છે.તેના બદલે ક્વાર્ટર મેળવવા ફક્ત આ સાથે સામેલ પરિશિષ્ટ–૨મુજબની અરજી કરવાની રહેશે.ડીપોઝીટ લેવાની પ્રથા રદ કરવામાં આવે છે.

(અ) ક્વાર્ટરની અરજી કરવાના સમયે પગારના સ્કેલને બદલે જે તે સમયે મળતા મુળ પગારને ગણત્રીમાં લેવાનો રહેશે.અને જેના આધારે ક્વાર્ટરની કક્ષા નક્કી કરવાની રહેશે.જે માટે અરજી કરતી વખતે તેમનો જે બેઝીક પગાર હોય તે પ્રમાણેની કેટેગરીનું મકાન મેળવવાને પાત્ર બનશે.

(બ) એકજ ઝોનમાં જુદા જુદા કેન્દ્રો ઉપર બદલી થાય તો જે તે વખતે નવી અરજી કરવાની રહેશે,અને તે પ્રમાણેની સીનીયોરીટી ગણાશે.

(ક) જે કર્મચારીની બદલી થઈ ગઈ હશે અને ફરીથી તેમની બદલી એ જ કેન્દ્ર ઉપર થાય તો પણ તેમણે નવેસરથી અરજી કરવાની રહેશે.પરંતુ જો એકેડેમીક વર્ષમાંજ મુળ કેન્દ્ર ઉપર પાછા મુકવામાં આવેતો સીનીયોરીટી ચાલુ રહેશે.

(ડ) જ્યારે યુનિવર્સિટી તરફથી તેના કોઈ કર્મચારીને ઉચ્ચ અભ્યાસ અર્થે અથવાતો અન્યતે સંસ્થામાં પ્રતિનિયુક્તિ(ડેપ્યુટેશન)પર મોકલવામાં આવે અગર તો પોતાની ઈચ્છાથી ચાલે અંગત હિત ખાતર સ્ટડી લીવ પર કે પ્રતિનિયુક્તિ પર જતા હોય તેવા કિસ્સામાં યુનિવર્સિટીનું મકાન બે માસમાં ખાલી કરવાનું રહેશે.અને જો મકાન ખાલી ન કરેતો યુનિવર્સિટીના નિયમ પ્રમાણે(થ્રી ટાયર પધ્ધતિ)મુજબ મકાન ખાલી કરવાનું રહેશે.પરંતુ જો એકજ કેન્દ્ર પર ડેપ્યુટેશન પુરુ થયે ફરીથી મુકવામાં આવે તો તેની જુની સીનીયોરીટી ગણી મકાન ફાળવવું.

(ઈ) જ્યારે યુનિવર્સિટી તરફથી જે કર્મચારીને તેમના પગારને અનુરૂપ (હાલ રહેતા હોય તેના કરતા ઉપલી કેટેગરીનું)મકાન ફાળવવામાં આવે ત્યારે તેમને આપવામાં આવેલ મુદતમાં (હાલ રહેતા હોય તે મકાન ખાલી કરવું) મકાનનો કબજો સંભાળી લેવાનો રહેશે.આમ કરવામાં નહી આવે તો તેમને તાજેતરમાં ફાળવવામાં આવેલ કેટેગરી અનુસારનું ભાડુ વસુલ કરવાનું રહેશે.આ અંગેનો પરિપત્ર સબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીએ તેમના ઝોન પુરતો પરિપત્રિત કરવાનો રહેશે.

(૧) જે કર્મચારીએ મકાન મેળવવા માટે અરજી કરેલ હશે અને મકાન ફાળવણી થાય તે પહેલાં તેઓ તેની મકાન ફાળવણી અરજી પરત ખેંચી લે તો તેમને મળવા પાત્ર મકાન ભાડા ભથ્થું ચાલુ રહેશે.પરંતુ સીનીયોરીટી માંથી નામ રદ થશે.

(૨) હાલમાં યુનિવર્સિટીમાં મુખ્ય કેમ્પસ પર તથા પેટા કેન્દ્ર પર મકાનોની તીવ્ર અછત વર્તાય છે.આવા સંજોગોમાં યુનિવર્સિટીના રહેણાંકના

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪. | નાયબ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી(ઝોન) | — | — | આવશ્યક |
| ૩૫. | લાયબ્રેરી વિભાગ | | | |
| | ૧: આસી.લાયબ્રેરીયન(૧ કર્મચારી) | — | — | આવશ્યક |
| | ૨: લાયબ્રેરી આસીસ્ટન્ટ(૨ કર્મચારી) | — | — | આવશ્યક |
| | ૩: લાયબ્રેરી એટેન્ડન્ટ(૧ કર્મચારી) | — | — | આવશ્યક |
| ૩૬. | વહીવટી અધિકારી(ઝોન) તથા વહીવટી-વ-હિસાબી અધિકારી | — | — | આવશ્યક |
| ૩૭. | કેન્દ્ર નિયામકશ્રીના રહસ્ય સચિવ / યુનિવર્સિટી અધિકારીશ્રીઓના રહસ્ય સચિવ | — | — | આવશ્યક |
| ૩૮. | ટ્રાન્સપોર્ટ સંભાળતા કલાર્ક | — | — | આવશ્યક |
| ૩૯. | સીકયોરીટી ઓફીસર | — | — | આવશ્યક |
| ૪૦. | બસ કન્ડકટર | — | — | આવશ્યક |
| ૪૧. | ફાર્મના ચોકીદાર(૧ જગ્યા) | રેન્ટ ફ્રી | — | — |
| ૪૨. | ફાર્મના સાથી (૧ જગ્યા) | રેન્ટ ફ્રી | — | — |

નોંધ:— જે ફાર્મ ઉપર કાયમી પોસ્ટ હોય અને મકાન હોય તેમજ સીકયોરીટીની વ્યવસ્થા ન હોય ત્યાં જોગવાઈ કરવા ભલામણ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩. | કુલપતિશ્રીની કચેરી(મુખ્ય મથક) | | | |
| | ૧) બધાજ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ | — | — | આવશ્યક |
| | ૨) નાયબ સંશોધન નિયામકશ્રી(૧) (સંશોધન નિયામકશ્રીની કચેરી) | — | — | આવશ્યક |
| | ૩)નાયબ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી(વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી) | — | — | આવશ્યક |
| | ૪)કુલપતિશ્રીના અંગત રહસ્ય સચિવ | — | — | આવશ્યક |
| | ૫)ખરીદ મદદનીશ(ડીપીપીવિભાગ) | — | — | આવશ્યક |
| | ૬) ઈલેકટ્રીશીયન / વાયરમેન (ડીપીપી વિભાગ) | રેન્ટ ફ્રી | — | — |
| | ૭) નાયબ ઈજનેર(ડીપીપી વિભાગ) | — | — | આવશ્યક |

(૪) જે કર્મચારી / અધિકારીઓનો સમાવેશ આવશ્યક સેવા હેઠળ, રેન્ટ ફ્રી, રીડયુસ રેન્ટ હેઠળ કરવામાં આવેલ છે. તેઓની સેવાના અનુસંધાને તેમના હોદ્દાની રૂએ મુકરર કરેલ કવાર્ટસ માં રહેવુ જ પડશે. આમ છતાં કર્મચારી/અધિકારી હોદ્દાની રૂએ મુકરર કવાર્ટરમાં રહેવાનો ઈન્કાર કરશેતો તેઓને ઘરભાડા ભથ્થું ન આપવાનું ભલામણ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩. | વેટરનરી હોસ્પીટલ/કોલેજ | | | |
| | (૧) ઓફીસર ઈન્ચાર્જ | રેન્ટ ફ્રી | — | — |
| | (૨) એટેન્ડન્ટ એક કર્મચારી | રેન્ટ ફ્રી | — | — |
| | (૩) લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર (જ્યાં પશુઓ સાથે સંકળાયેલ હોય) | રેન્ટ ફ્રી | — | — |
| ૨૪. | કૃષિ શાળા | | | |
| | (૧) કૃષિ શાળાના અધિક્ષક | રેન્ટ ફ્રી | — | — |
| | (૨) કૃષિ શાળાના પ્યુન–કમ–કુક | રેન્ટ ફ્રી | — | — |
| ૨૫. | પ્રસાર શિક્ષણ ભવન | | | |
| | (૧) આચાર્ય | — | — | આવશ્યક |
| | (૨) એટેન્ડન્ટ (એક કર્મચારી) | રેન્ટ ફ્રી | — | — |
| ૨૬. | સ્ટુડન્ટ ટ્રેનીગ ડેરી વિભાગ | | | |
| | (૧) સ્ટુડન્ટ ટ્રેનીગ ઈન્ચાર્જ | રેન્ટ ફ્રી | — | — |
| | (૨) એટેન્ડન્ટ (એક કર્મચારી) | રેન્ટ ફ્રી | — | — |
| | (૩) બોઈલર એટેન્ડન્ટ (૧ કર્મચારી) | રેન્ટ ફ્રી | — | — |
| ૨૭. | હવામાન વેધશાળામાં અવલોકન લેનાર કર્મચારી (એક) | — | — | આવશ્યક |
| ૨૮. | બસ ડ્રાઈવર | — | ૫૦% | — |
| ૨૯. | કાર/જીપ/મેટાડોર/મીની બસ ડ્રાઈવર | — | ૫૦% | — |
| ૩૦. | ૧. ટ્રેકટર ડ્રાઈવર<br>૨. એન્જીન ડ્રાઈવર | રેન્ટ ફ્રી<br>રેન્ટ ફ્રી | —<br>— | —<br>— |
| ૩૧. | નીચે પ્રમાણેના યુનિવર્સિટીના કેન્દ્રો ઉપર રેન્ટ ફ્રી/રાહત દર થી ક્વાર્ટસ ફાળવવાની ભલામણ કરવામાં આવે છે. | | | |

| અ. નં. | વિસ્તાર | રેન્ટ ફ્રી | રીડયુસ રેન્ટ (૫૦%) |
|---|---|---|---|
| ૧. | ૧૦ હેકટર સુધી | ફાર્મ મેનેજર | ખેતી મદદનીશ–૧ |
| ૨. | ૧૧ થી ૨૫ હેકટર સુધી | ફાર્મ મેનેજર | ખેતી મદદનીશ–૧ અને ખેતી અધિ./ખેતી નિરિક્ષક–૧ |
| ૩. | ૨૫ થી વધારે હેકટર | ફાર્મ મેનેજર | દર – ૨૫ હેકટરે ૧ ખેતી મદદનીશ અને દર–૫ ખેતી મદદનીશે–૧ ખેતીવાડી અધિકારી/નિરિક્ષક |

**નોંધ:– ફાર્મ મેનેજરનો રેન્ટ ફ્રી નો ઓર્ડર કેન્દ્ર નિયામકશ્રીએ કરવાનો રહેશે.**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨. | કુલપતિશ્રીની કચેરી ખાતેના સઘળા ડ્રાઈવરો | — | ૫૦% | — |
| ૩૩. | નાયબ સંશોધન નિયામકશ્રી (ઝોન) | — | — | આવશ્યક |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | કોલેજના આચાર્યશ્રી જે નોમીનેટ કરે તે એક પટાવાળાને (બેલ મારનાર) | – | ૫૦% | – |
| ૬. | કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તાલીમ વ્યવસ્થાપક | રેન્ટ ફ્રી | – | – |
| ૭. | તબીબી અધિકારી | રેન્ટ ફ્રી | – | – |
| ૮. | કમ્પાઉન્ડર | રેન્ટ ફ્રી | – | – |
| ૯. | મીડ વાઈફ નર્સ | રેન્ટ ફ્રી | – | – |
| ૧૦. | એમ્બ્યુલન્સ ડ્રાઈવર (નિયત કરેલ એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને લાભ મળવા પાત્ર છે.) | રેન્ટ ફ્રી | – | – |
| ૧૧. | એટેન્ડન્ટ (દવાખાના માટે એક કર્મચારી) | રેન્ટ ફ્રી | – | – |
| ૧૨. | કાર્યપાલક ઈજનેર | રેન્ટ ફ્રી | – | – |
| ૧૩. | નાયબ કાર્યપાલક ઈજનેર (ઝોન) | – | – | આવશ્યક |
| ૧૪. | મરામત અને નિભાવણી/સ્ટોર્સના જુનિયર ઈજનેર(સી/ઈ)(૧–૧) | – | – | આવશ્યક |
| ૧૫. | પંપઓપરેટર(કેમ્પસપાણીનાસપ્લાય માટે જેટલી જગ્યા હોય તેટલા) | – | – | આવશ્યક |
| ૧૬. | વાલ્વ મેન(જગ્યા હોય ત્યાંજ) | – | – | આવશ્યક |
| ૧૭. | ઈલેકટ્રીશીયન(એક કર્મચારી) | રેન્ટ ફ્રી | – | – |

નોંધઃ– કેમ્પસના ઈલેકટ્રીશીયનને રેન્ટ ફ્રી આપવું તેમજ બધીજ કોલેજના સીનીયર મોસ્ટ ઈલેકટ્રીશીયનને રેન્ટ ફ્રી બધી જ હોસ્ટેલ માટે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮. | ગેસ્ટ હાઉસ ઈન્ચાર્જ | રેન્ટ ફ્રી | – | – |
| ૧૯. | ગેસ્ટ હાઉસ ખાનસમા/કુક | રેન્ટ ફ્રી | – | – |
| ૨૦. | ગેસ્ટ હાઉસના એટેન્ડન્ટ(એક) | રેન્ટ ફ્રી | – | – |
| ૨૧. | <u>કેટલ બ્રિડીંગ ફાર્મ/એલઆરએસ ફાર્મ/આરબીઆરયુ/એનીમલ ન્યુટ્રીશન</u> | | | |
| | ૧:ફાર્મ મેનેજર/ સુપ્રીટેન્ડેન્ટ/ ઈન્સ્ટ્રકશન ફાર્મ/કેન્દ્ર(સેન્ટર) ઈન્ચાર્જ | રેન્ટ ફ્રી | – | – |
| | ૨ઃ વેટરનરી ઓફીસર(એક) | રેન્ટ ફ્રી | – | – |
| | ૩ઃ એટેન્ડેન્ટ/ગોપાલક (એક કર્મચારી) | રેન્ટ ફ્રી | – | – |
| | ૪ઃ ગોવાળ | રેન્ટ ફ્રી | – | – |
| | ૫ઃ મીલ્કમેન | રેન્ટ ફ્રી | – | – |
| ૨૨. | પોલ્ટ્રી ફાર્મ | | | |
| | (૧)વેટરનરી ઓફીસર(સીની.મોસ્ટ) | રેન્ટ ફ્રી | – | – |
| | (૨) એટેન્ડન્ટ (એક કર્મચારી) | રેન્ટ ફ્રી | – | – |

(૩) હાલના નિયમોમાં આવશ્યક સેવામાં આવરી લેવામાં આવેલ જગ્યાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી અને નીચે મુજબની જગ્યાઓની આવશ્યકસેવા હેઠળ ગણવા ભલામણ કરવામાં આવી તેમજ રેન્ટ ફ્રી, રીડયુસ રેન્ટ(૫૦%) વગેરે અંગે પણ ભલામણ કરવામાં આવી.

| અ.નં. | જગ્યાનું નામ | રેન્ટ ફ્રી | રીડયુસ રેન્ટ (૫૦%) | આવશ્યક સેવા |
|---|---|---|---|---|
| ૧. | જે તે મહાવિદ્યાલયના આચાર્યશ્રીઓ | રેન્ટ ફ્રી | — | — |
| ૨. | જે તે કોલેજ, હોસ્ટેલના રેકટર/ મદદનીશ રેકટર/એલઆઈટીસીના ઈન્ચાર્જ,હોમ સાયન્સ તથા એક્ષટેન્શન ટ્રેનીંગ સેન્ટર/તાલીમ અને મુલાકાત યોજના હેઠળના છાત્રાલયના ઈન્ચાર્જ/સરદાર સ્મૃતિ કેન્દ્ર છાત્રાલયના ઈન્ચાર્જ/પ્રસાર શિક્ષણ ભવનના રેકટર/એડવાન્સ ટ્રેઈનિંગ સેન્ટર ઓઈલ સીડના રેકટર/મદદનીશ રેકટર તથા નિયામક મંડળે કરેલ ભલામણ અનુસાર એસ. આર.સી.ચેરમેન અને જીમખાના ચેરમેન. (જેમને મકાન ફાળવવામાં આવેલ હોય,તેમને ચાર્જ આપવો.) | રેન્ટ ફ્રી | — | — |

નોંધ:— (અ) રેકટર અને મદદનીશ રેકટર ટીચીંગ કેડર માંથી જ મુકવા.

(બ) રેકટર અને મદદનીશ રેકટર જે ને ક્વાર્ટ મળેલ હોય તેમનીજ શકય હોય તો નિમણૂંક કરવી.

(ક) અનિવાર્ય સંજોગોમાં જો તે બહાર થી આવતા હોય તો તેને પ્રતિ માસ રૂા.૩૦૦/— મદદનીશ રેકટર અને રૂા.૫૦૦/—રેકટરને રેમ્યુનીરેશન આપવું.

(ડ) જે હોસ્ટેલમાં રેકટરનું એટેચ ક્વાર્ટર હોય ત્યાં ક્વાર્ટર ફાળવવું.

| | | | | |
|---|---|---|---|---|
| ૩. | કોલેજની એકેડેમીક કામગીરી સંભાળતા પ્રાધ્યાપક/સહ પ્રાધ્યાપક (ગમે તે એક) * | — | — | આવશ્યક |
| ૪. | કોલેજની એકેડેમીક કામગીરી સંભાળતા એક સીનીયર કલાર્ક(શકય હોય ત્યાં સુધી આવી કામગીરી કેમ્પસમાં ક્વાર્ટર હોય તેવા કર્મચારીને જ સોંપવી.) | — | — | આવશ્યક |



* Physical instructure

**નવસારી કેમ્પસઃ—**

| | | |
|---|---|---|
| (૧) | સુરત,ભરૂચ | ૧૦૦% ભાડાની વસુલાત કરવી. |
| (૨) | બારડોલી,તણછા,વારાણસી,અછાલીયા, હાંસોટ,પરીયા,વ્યારા,રંભાસ,ગણદેવી, દાતી(ઉભરાટ),તેમજ અન્ય ફાર્મ. | ૫૦% ભાડાની વસુલાત કરવી. |
| (૩) | વઘઈ, | ૧૦૦% વસુલાત માંથી મુકિત. |

**સરદાર કૃષિનગર કેમ્પસઃ—**

| | | |
|---|---|---|
| (૧) | ડીસા,વિજાપુર, | ૧૦૦% ભાડાની વસુલાત કરવી. |
| (૨) | તલોદ | ૭૫% ભાડાની વસુલાત કરવી. |
| (૩) | ભચાઉ,લાડોલ,જગુદણ,મુન્દ્રા,કોઠારા, આસેડા,ખેડોઈ,ખેડબ્રહમા,ધંધુકા, અરણેજ,છારોડી(વિરમગામ),રાધનપુર, દહેગામ,તેમજ અન્ય ફાર્મ. | ૫૦% ભાડાની વસુલાત કરવી. |

(ક) સરકારશ્રીના નાણાં ખાતાના ઠરાવ નં.ઈસીઆર—૧૦૩૭—૧૫૯—એમ, તાઃ૩/૯/૮૭ મુજબ પાણી તથા સર્વિસ ચાર્જીસ વધારાના અલગ વસુલાત કરવાના રહેતા નથી.

(ડ) નિયામક મંડળની ૧૯મી ખાસ વિશેષ બેઠકના મુદ્દા નં.૧૯:૨૪ થી લેવાયેલ નિર્ણય મુજબ યુનિવર્સિટીના જુદા જુદા કેમ્પસો ઉપર કેટેગરી પ્રમાણે મકાનો નથી તેથી હાલના ઉપલબ્ધ મકાનોની કેટેગરી અને કાર્પેટ એરીયા પત્રક—૧ પ્રમાણે નકકી કરવામાં આવી અને નવા બંધાતા રહેણાંકના મકાનોની કેટેગરી નકકી કરવાની સત્તા નિયામકશ્રી,ખરીદ અને મિલ્કતને જે તે કેન્દ્રનિયામકશ્રી સાથે પરામર્શ કરીને આપવાની ભલામણ કરવામાં આવે છે.

(ઇ) (૧) નીચે મુજબના મકાનો સબંધીત કેટેગરીની જગ્યા સામે મુકરર કરવાની રહેશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧: | કોલેજના આચાર્ય | ૨: | રેકટર | ૩: | તબીબી અધિકારી |
| ૪: | કાર્યપાલક ઈજનેર | ૫: | ફાર્મ મેનેજર(એગ્રોનોમી અને વેટરનરી) | | |

નોંધઃ પ્રાધ્યાપક એગ્રોનોમીને ઈયર માર્ક ( જગ્યાની સામે મુકરર ) કરેલ કવાર્ટર રદ કરવા ભલામણ છે.કારણકે તમામ ફાર્મની એગ્રોનોમી વિભાગ દવારા જે તે સમયે સંકલીત વ્યવસ્થામાં હતું અને ઓવર ઓલ કામગીરી પ્રાધ્યાપક એગ્રોનોમી દવારા થતી જે હવે સંપુર્ણ જવાબદારી વહન કરતા એગ્રોનોમી વિભાગ અને વેટરનરી ઈન્સટ્રકશન ફાર્મના ફાર્મ મેનેજરોને મુકરર કરેલ કવાર્ટર ફાળવવું.

(૨) ઉપરોકત જગ્યા સિવાયની જગ્યાઓ માટે નિયામકશ્રી,ખરીદ અને મિલ્કતે નિયામક મંડળની મંજુરી મેળવી મુકરર કરવાની રહેશે.

(અ) ભાડા,ફલેટ રેન્ટ પ્રમાણેના નક્કી કરવાના રહે છે,જેમાં યુનિવર્સિટીના આણંદ, નવસારી, જૂનાગઢ,સરદાર કૃષિનગર મુખ્ય ચાર કેમ્પસો ઉપર આવેલ રહેણાંકના મકાનોના ભાડા પત્રક-૧ નીચે મુજબ કેટેગરી વાઈઝ વસુલ કરવાના રહે છે.

પત્રક-૧

| ક્રમ | રહેણાંકના મકાનોની કેટેગરી | ક્ષેત્રફળ વપરાશ વિસ્તાર(કુલ એરીયા)ચો.મી. | માસિક વસુલાતનો દરરૂપિયા | પગાર જુથ રૂપિયા (મુળ પગાર) |
|---|---|---|---|---|
| ૧. | "એ" | ૨૯ ચો.મી | ૪૦.૦૦ | ૩૦૪૯ સુધી |
| ૨. | "બી" | ૩૦ થી ૩૫ ચો.મી. | ૭૦.૦૦ | ૩૦૫૦ થી ૩૯૯૯ સુધી |
| ૩. | "બી-૧" | ૩૬ થી ૪૨ ચો.મી. | ૧૦૦.૦૦ | ૪૦૦૦ થી ૪૯૯૯ સુધી |
| ૪. | "સી" | ૪૩ થી ૫૫ ચો.મી. | ૧૫૦.૦૦ | ૫૦૦૦ થી ૭૯૯૯ સુધી |
| ૫. | "ડી" | ૫૬ થી ૬૪ ચો.મી. | ૨૦૦.૦૦ | ૮૦૦૦ થી ૯૯૯૯ સુધી |
| ૬. | "ડી-૧" | ૬૫ થી ૭૯ ચો.મી. | ૨૪૦.૦૦ | ૧૦૦૦૦ થી૧૧૯૯૯સુધી |
| ૭. | "ઈ" | ૮૦ થી૧૨૦ ચો.મી. | ૩૦૦.૦૦ | ૧૨૦૦૦ થી૧૪૨૯૯ સુધી |
| ૮. | "ઈ-૧" | ૧૨૧થી૧૫૦ચો.મી. | ૪૦૦.૦૦ | ૧૪૩૦૦થી૧૫૯૯૯સુધી |
| ૯. | "ઈ-૨" | ૧૫૧ થી અને તેથી ઉપર | ૫૨૦.૦૦ | ૧૬૦૦૦ અને તેથી ઉપર |

(બ) દરેક ઝોનના મુખ્ય કેન્દ્ર સિવાયના અન્ય ફાર્મ સ્ટેશનો ઉપર ભાડાની વસુલાત ઉપરોકત-૨(અ) માં દર્શાવેલ દરોના બદલે નીચે પ્રમાણે દરોની વસુલાત કરવાની ભલામણ કરવામાં આવે છે.

જુનાગઢ કેમ્પસ:-

(૧) જામનગર,અમરેલી,વેરાવળ, — ૧૦૦ % ભાડાની વસુલાતકરવી.

(૨) વલ્લભીપુર,ધારી,કોડીનાર,માણાવદર, માંગરોળ,તરઘડીયા,નાના કાંધાસર, જામખંભાળીયા,મહુવા,રતીયા,ખાપટ, ઓખા,સિકકા,તેમજ અન્ય ફાર્મ. — ૫૦% ભાડાની વસુલાત કરવી.

આણંદ કેમ્પસ:-

(૧) વડોદરા,ઠાંભવેલ — ૧૦૦ % ભાડાની વસુલાતકરવી.

(૨) સાણંદ,નવાગામ,ઠાસરા,દેવગઢબારીયા, દેરોલ,ધર્મજ. — ૭૫% ભાડાની વસુલાત કરવી.

(૩) છારોડી,ગોધરા,દાહોદ,દેવાતજ(સોજીત્રા) આંકલાવ(કરજણ)તેમજ અન્ય ફાર્મ. — ૫૦% ભાડાની વસુલાત કરવી.

## મકાન ફાળવણીના નિયમો સુધારણા સમિતિનો અહેવાલ

પ્રમુખશ્રી,ગુજરાત કૃષિ યુનિવર્સિટી,શિક્ષક મંડળ તરફથી આવેલ આવેદન અન્વયે શિક્ષક ગણના નિરાકરણ માંગતા પ્રશ્નોની ચર્ચા તાઃ–૨૮/૯/૯૬ના રોજ આણંદ ખાતે કુલપતિશ્રી અને કેન્દ્રનિયામકશ્રીઓ તથા યુનિવર્સિટી અધિકારીઓ સાથે થયેલ બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દાનં.૭ થી થયેલ ચર્ચા અન્વયે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવેલ. તેમજ કુલસચિવશ્રીના પત્રતાઃ–૧૯/૩/૯૮,ક્રમાંકઃજીએયુ/રજી/લીગલ/ટે.૧/૮૫ મુજબ નિયામક,ખરીદ અને મિલ્કતને સભ્ય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવેલ.

| અનુ.નં. | નામ | |
|---|---|---|
| ૧. | કેન્દ્રનિયામકશ્રી,નવસારી | અધ્યક્ષશ્રી |
| ૨. | કેન્દ્રનિયામકશ્રી,જુનાગઢ | સભ્ય |
| ૩. | કેન્દ્રનિયામકશ્રી,આણંદ | સભ્ય |
| ૪. | કેન્દ્રનિયામકશ્રી,સરદાર કૃષિનગર | સભ્ય |
| ૫. | કુલસચિવશ્રી,સરદાર કૃષિનગર | સભ્ય |
| ૬. | સંશોધન નિયામકશ્રી,અમદાવાદ | સભ્ય |
| ૭. | નિયામકશ્રી,ખરીદ અને મિલ્કત,સરદાર કૃષિનગર | સભ્ય સચિવ |

નિયામક મંડળની બેઠક ૧૧૨:૭ના ઠરાવ અને જાહેરનામા તાઃ–૧૯/૩/૯૩, ક્રમાંકઃ ગુકૃયુ/રીપીસી/ઈ.૨/૧૮૮૯–૯૨૩થી મંજુર થયેલ મકાન ફાળવણીના નિયમોમાં જુદા જુદા કર્મચારીઓ/શિક્ષક મંડળને અસંતોષ થતા તેમના તરફથી આવેલ વિગતો નિયમો સુધારણા સમિતિની પ્રથમ બેઠક જુનાગઢ ખાતે તાઃ–૧/૮/૯૮ના રોજ મળેલ તેમાં ચર્ચા વિચારણા કરી સુધારો/ઉમેરો કરેલ.તદ ઉપરાંત સદર સમિતિની બેઠક તાઃ૧૫/૧૨/૨૦૦૦ના રોજ અમદાવાદ ખાતે મળતાં,તેમાં કેન્દ્રનિયામકશ્રીઓ/અધિકારીશ્રીઓ તરફથી આવેલ સુચનો અન્વયે ચર્ચા વિચારણા કરવામાં આવી. ગુજરાત કૃષિ યુનિવર્સિટી મકાન ફાળવણી નિયમો ઉપરાંત ભાડા,સગવડો/સવલતો પરિશિષ્ટ"અ" મંજુર કરવા ભલામણ કરવામાં આવે છે.

### પરિશિષ્ટ–"અ"

(૧) હાલમાં યુનિવર્સિટીના જે તે કેમ્પસો અને કેન્દ્રો ઉપર આવેલા રહેણાંકના મકાનોમાં નિયમોનુસાર પુરી પાડવાની થતી સગવડતાઓ સંપુર્ણ રીતે પુરી પાડવાની ભલામણ કરી.

(૨) યુનિવર્સિટી તરફથી કર્મચારીઓના નવા પગાર ધોરણ અમલમાં આવતા અને કર્મચારીઓના રહેઠાણના ભાડાની વસુલાત સરકારશ્રીના નાણાં ખાતાના ઠરાવનં. ઈસીઆર/૧૦૭૭/૧૫૯/પેન, તાઃ–૩/૯/૮૭ અસ્તિત્વમાં આવતા આ ઠરાવમાં નીચે મુજબનો ફેરફાર સૂચવી અમલ કરવા માટે ભલામણ કરવામાં આવે છે.

**સરકારી કર્મચારીના નિવૃત્ત બાદ સરકારી**
**મકાન/હોદ્દા સાથે**
**જોડાયેલ સરકારી મકાન ચાલુ રાખવા અંગે..** 7/૮

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક : એસીડી–૧૦૨૦૦૨–(૩૫)–ન–૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૭–૭–૨૦૦૪

સંદર્ભ : (૧) ક.મા.મ.વિ.નો ઠરાવ ક્રમાંક: એસીડી–૧૧૯૭–૧૫૮૭–(૫૮)–ન–૧
તા. ૧–૧૦–૯૮

ઠરાવ :–

આ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયના સરકારી કર્મચારી/અધિકારીને ફાળવવામાં આવેલ મકાનો તેમની બદલી/મૃત્યુ/નિવૃતિ તથા અન્ય સંજોગોમાં ચાલુ રાખવા દેવા અને તેના ભાડાંની વસુલાત માટે નિયમો ઘડવામાં આવેલ છે. તે નિયમોના નિયમઃ ૮.૧ મુજબ સરકારી કર્મચારી/અધિકારી તેમની નિવૃતિ બાદ ૬ માસ સુધી સરકારી આવાસ સામાન્ય ભાડા ( ફલેટ રેઈટ ) ના દરથી ચાલુ રાખી શકે છે. કેટલાક નિવૃત્ત કર્મચારી/અધિકારીઓ તેનું ભાડુ ભરતા નથી અને મકાન ખાલી પણ કરતાં નથી. આવા સરકારી કર્મચારી/અધિકારીઓ તેમની નિવૃત્તિની તારીખે મળવાપાત્રના લાભો મેળવી લીધેલ હોવાના કારણે ઘણા કિસ્સાઓમાં લાંબા સમય સુધી સરકારી મકાન ખાલી કરતા નથી. જેને પરિણામે પ્રતિક્ષાયાદી પરના કર્મચારીઓને પાત્ર કક્ષા મુજબ સરકારી મકાન સમયસર આપી શકાતા નથી. આથી સરકારશ્રીએ તેમને ઘરભાડા ભથ્થું ચૂકવવુ પડે છે. ઘણા કિસ્સાઓમાં નિવૃત્તિોને સરકારી મકાન ખાલી કરાવવા ઈવીકેશન એકટ, ૧૯૭૨ હેઠળ કાર્યવાહી પણ કરવી પડે છે. તેથી સરકારશ્રીનો સરકારી મકાન રાહતદરે રહેણાંકની સવલત આપવાનો મૂળ હેતુ માર્યો જાય છે. આ પરિસ્થિતિ નિવારવા પુખ્ત વિચારણાને અંતે સંદર્ભમાં દર્શાવેલ ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવા સરકારશ્રીએ નિર્ણય કરેલ છે.

(૧) સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી નિયત થયેલ નિયમોના નિયમ ૮.૧ માં નિવૃતિ બાદ સરકારી મકાન ૬ માસ સુધી સામાન્ય ભાડાના દરથી ચાલુ રાખવાની જોગવાઈ છે. તેમા ફેરફાર કરીને, હોદ્દા સાથે જોડાયેલ સરકારી મકાનના કિસ્સામાં નિવૃતિ બાદ ૧ માસ અને અન્ય કિસ્સાઓમાં નિવૃતિ બાદ બે માસ સુધી કર્મચારી/અધિકારીશ્રી સામાન્ય દરે મકાન ચાલુ રાખી શકશે.

ઉકત નિયત મુદત બાદ સરકારી મકાન ચાલુ રાખવાની મંજુરી મળવાપાત્ર થશે નહી અને ઉકત નિયત મુદત પુરી થયેથી તુરત મકાન ખાલી ન કરનારા કર્મચારી/અધિકારીઓ સામે, ગુજરાત પબ્લીક પ્રીમાઈસીસ ( ઈવીકેશન ઓફ અનઓર્થોરાઈઝડ ઓકયુપન્ટસ )એકટ, ૧૯૭૨ હેઠળ મકાન ફાળવણી સત્તાધિકારીઓએ, સક્ષમ અધિકારીની કોર્ટમાં કેસો દાખલ કરવાના રહેશે અને સક્ષમ અધિકારીઓએ આવા કેસોનો ત્વરિત નિકાલ કરવાનો રહેશે.

આ સુધારો તા. ૧–૧–૦૫ થી અમલમાં આવશે.

ઉપર દર્શાવેલ સુધારા સિવાયના સંદર્ભમાં દર્શાવેલ ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી /– આવચ્ય
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

સર્વે મંત્રીશ્રોઓના અંગત સચિવશ્રી
સર્વે રા. ક. ના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
સર્વે નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત વડી અદાલત, અમદાવાદ
એ. જી. અમદાવાદ / રાજકોટ
નિવાસન નિયામકશ્રી, લાલ દરવાજા, અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
સર્વે અધીક્ષક ઈજનેરશ્રીઓ, મા. મ. વર્તુળ અને પંચાયત વર્તુળ સહીત.
સર્વે કા. ઈ. શ્રીઓ, મા. મ. પંચાયત વિભાગો સહીત
સચિવાલયના સર્વે વિભાગો
મા. મ. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
મા. મ. વિભાગના સર્વે શાખાઓ
ફાઈલ નં. એસીડી–૧૧૯૭–૧૫૮૭–૫૮–ન–૧
સીલેકટ ફાઈલ–2004
× પત્ર ધ્વારા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

જા.નં. આકૃયુ/કાઈ/યુ.૧૫/મકાન/૨૫૩૫–૫૧/૦૫ તા. ૩૦/૭/૨૦૦૫

આણંદ ઝોનના સર્વે યુનિટ/સબયુનિટ અધિકારીશ્રી તરફ ઉપરોકત પરિપત્રનો અમલ કરવા તથા દરેક કર્મચારીઓને ધ્યાન ઉપર લાવવા સારૂ.

ઉપરોકત ઠરાવ પરિપત્રીત કરવા માટે મા.કુલપતિશ્રીએ અત્રેની કચેરીની ફાઈલ ઉપર આપેલ મંજુરી અનુસાર બહાર પાડવામાં આવેલ છે. જેનો અમલ હવે પછીના કેસમાં કરવાનો રહેશે.

કાર્યપાલક ઈજનેર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ